BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઓફ઼ બ્રૅમ્પટન COVID-19નો સામનો કરવા માટે કટોકટીની સ્થિતિ જાહેર કરે છે.

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (24 માર્ચ 2020) – આજે સિટી કાઉન્સિલ સાથે સલાહમસલત કર્યા બાદ અને સિટીની ઇમર્જન્સી મેનેજમેન્ટ ટીમની ભલામણને ધ્યાન પર લઈને મેયર પેટ્રિક બ્રાઉને સિટીના ઈમર્જન્સી મેનેજમેન્ટ પ્લાન અનુસાર સીટી ઓફ઼ બ્રૅમ્પટનમાં કટોકટીની સ્થિતિ જાહેર કરેલ છે.

પ્રોવિન્સ ઓફ઼ ઓન્ટારિયો અને રીજન ઓફ઼ પીલના COVID-19ના ફેલાવાને નિયંત્રિત કરવાના પ્રયાસોને ટેકો આપતું આ એક નોંધપાત્ર પગલું છે.

આ ઘોષણા, COVID-19ના પ્રભાવોને રોકવામાં સહાય માટે કાર્યવાહી કરવાને કારણે વધુ સુગમતા અને ગતિને મંજૂરી આપીને શહેરની ચાલી રહેલ કટોકટીના પ્રતિસાદના પ્રયાસોમાં મદદ કરશે.

સિટી ઓફ઼ બ્રૅમ્પટન રોજિંદા જીવનમાં આવશ્યક અને મહત્વપૂર્ણ સેવાઓ પ્રદાન કરીને જનતાને ટેકો આપવાનું ચાલુ રાખશે, જેમાં સમેલ છે બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ, ફાયર એન્ડ ઇમર્જન્સી સર્વિસિસ, અને બાય-લૉ અને અમલબજાવણી આખા સિટીને કટોકટી સેવાની પહોંચ મળે સુનિશ્ચિત કરશે.

સિટી બ્રૅમ્પટનવાસીઓને માહિગાર રાખવા પ્રતિબદ્ધ છે અને ઉપલબ્ધ થતા જશે તેમ તેમ COVID-19 સામે સિટી દ્વારા લેવામાં આવેલ પગલાં વિશે અપડેટ્સ આપવાનું ચાલુ રાખશે. સીટી ઓફ઼ બ્રૅમ્પટન વિશે વધુ માહિતી માટે અહીં મુલાકાત લો www.brampton.ca/COVID19અથવા @CityBrampton ને ફોલો કરો Twitterપર, Facebookપર અને Instagram પર.

**અવતરણો**

"આજની ઘોષણા, COVID-19ના પ્રભાવોને ઘટાડવામાં સહાય માટે કાર્યવાહી કરવાને કારણે વધુ સુગમતા અને ગતિને મંજૂરી આપીને શહેરની ચાલી રહેલ કટોકટીના પ્રતિસાદના પ્રયાસોમાં મદદ કરશે. અમે અમારા સમુદાયને સુરક્ષિત રાખવા માટે જરૂરી પગલાં લઈ રહ્યા છીએ અને સિટી આમ કરવામાં કોઈ કસર છોડશે નહીં. આમાં આપણી સૌની જવાબદારી છે, તેથી આ સમયે કૃપા કરીને ઘરે રહેશો. આપણે સહુ એક શહેર તરીકે સાથે મળીને આમાંથી બહાર નીકળીશું.

*પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ઼ બ્રૅમ્પટન*

The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

"શહેરના વહીવટીતંત્રે 13 માર્ચના રોજ આપણા ઈમર્જન્સી રિસ્પોન્સ પ્લાનને લેવલ 2 પર શરૂ કર્યો હતો, જે COVID-19 નો સામનો કરવા માટે 17 માર્ચે લેવલ 1 મેજર ઈમરજન્સીમાં અપગ્રેડ કરવામાં આવ્યો. આજની ઘોષણા સિટીના કર્મચારીઓને વધારાની ચપળતા પ્રદાન કરી શકશે જેથી તેઓ અસરકારક અને ઝડપથી આવી પરિસ્થિતિમાં પ્રતિભાવ આપી શકે, અને દર્શાવે છે કે સિટી આવી પરિસ્થિતિને તેમજ આપણા સ્ટાફ અને આપણે સેવા આપીએ છીએ તે જનતાની સુરક્ષાને કેટલી ગંભીરતાથી ધ્યાન પર લે છે."

*ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

**લિંક:**

- સિટી ઓફ બ્રૅમ્પટન COVID-19
- પીલ પબ્લિક હેલ્થ – નૉવેલ કોરોનાવાયરસ (COVID-19)
- પ્રોવિન્સ ઓફ ઓન્ટારિયો: આરોગ્ય મંત્રાલય – નૉવેલ કોરોનાવાયરસ (COVID-19)

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તેમાં 70,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca